# વિષય - ગણિત ૭. જગ અને મગ

❖ અધ્યયન નિષ્પતિઓ :- ૧. ગુંજાશ ના વિવધ એકમો જાણે અને જરૂરી પરિસ્થિતિમાં તેનો ઉપયોગ કરી શકે
૨.ગુંજાશ આધારિત વ્યવહારિક કોયડા ઉકેલે.

**પ્રશ્ન-૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) નીચેનામાંથી ગુંજાશનો એકમ કયો છે ?
(અ) લિટર (બ) મિલિલિટર (ક) મીટર (ડ) ‘ અ’ અને ‘ બ’ બન્ને

(૨) ૧૦ વખત ૧૦૦ મિલિ ......................મિલિલિટર
(અ) ૧૦ મિલિ (બ) ૧૦૦૦ મિલિ (ક) ૧૦૦ મિલિ (ડ) ૧ મિલિ

(૩) ૧૦૦૦ મિલિલિટર એટલે ...............લિટર.
(અ) ૧૦ લિટર (બ) ૧૦૦ લિટર (ક) ૧ લિટર (ડ) ૧૦૦૦ લિટર


(૪) ૧ કીડી ૧ મિલિ ખીર પીએ તો ૧૦૦૦ કીડી કેટલી ખીર પીએ ?.........................
(અ) ૧ લિટર (બ) ૧૦૦ મિલિ (ક) ૧૦ મિલિ (ડ) ૧૦ લિટર

(૫) ૫૦૦ મિલિ ને ..........................પણ કહેવાય.
(અ) પા લિટર (બ) પોણો લિટર (ક) અડધો લિટર (ડ) ત્રણેયમાંથી એકેય નહી.

(૬) મીનાએ ૧ લિટર દૂધ માંથી ૨૫૦ મિલિ દૂધ પીધું , હવે કેટલું દૂધ બાકી રહ્યું ?.........................
(અ) ૨૫૦ મિલિ (બ) ૧૦૦૦ મિલિ (ક) ૫૦૦ મિલિ (ડ) ૭૫૦ મિલિ

(૭) ૧ લિટર પાણીની એકસરખી દસ બોટલ ભરવામાં આવે તો દરેક બોટલમાં કેટલુ પાણી ભરાય ?.................
(અ) ૨૫૦ મિલિ (બ) ૫૦૦ મિલિ (ક) ૧૦૦ મિલિ (ડ) ૨૦૦ મિલિ

**પ્રશ્ન- ૨. ખાલી સ્થાન પૂર્ણ કરો.**




**પ્રશ્ન-૩. નીચે આપેલી વસ્તુઓ માટે યોગ્ય એકમ લખો.( લિટર / મિલિલિટર )**

(૧) કોપરેલની નાની શીશી - ............................... (૨) છાશની થેલી - .........................................
(૩) પાણી ભરેલુ માટલું - ................................... (૪) ખાંસીની દવાની બોટલ - ............................
(૫) પાણીની ટાંકીમાં પાણી - ................................... (૬) તેલનો ડબ્બો - ...................................
(૭) ઈન્જેકશનમાં દવા - ................................. (૮) શેમ્પુનું પાઉચ - ..................................

પ્રશ્ન - ૪. નીચેના દાખલા ગણો.

(૧) જાનવી દરરોજ ૧ લિટર પાણીની બોટલ ભરીને શાળાએ આવે છે. તેણે ૪૦૦ મિલિ પાણી પીધુ અને તેની બહેનપણી મનિષાએ ૨૫૦ મિલિ પાણી પીધુ, તો હવે તેની બોટલમાં કેટલું પાણી વધ્યું હશે ?

(૨) રમાબહેનની ગાય સવારે ૩૦૦૦ મિલિ અને સાંજે ૨૫૦૦ મિલિ દૂધ આપે છે તો બન્ને વખત થઈને ગાય કેટલા લિટર દૂધ આપે ?

(૩) મહાકાળી ચાની દુકાનવાળો ૧ કપ ચા બનાવવા માટે ૨૦ મિલિ દૂધ વાપરે છે. તે એક દિવસમાં ૧૫૦ કપ ચા બનાવે તો તે કેટલું દુધ વાપરતો હશે ?

(૪) જમનાના દાદાજી બીમાર હતાં ડૉક્ટરે ૨૦૦ મિલિ દવાની બોટલ આપી અને દિવસમાં બે વખત દવા લેવાનું કહ્યું. દાદાજી દરેક વખતે ૧૦ મિલિ દવા લે છે તો દવા કેટલા દિવસમાં પુરી થશે ?

(૫) મિત્તલ ને ૫ દિવસ સુધી દરરોજના ત્રણ ઈન્જેકશન લેવાના છે. એક ઈન્જેકશનથી ૫ મિલિ દવા શરીરમાં જાય છે, તો મિત્તલને એક દિવસમાં કેટલી દવાની જરૂર પડશે ? ૫ દિવસ થઈને કેટલી દવાની જરૂર પડશે ?

(૬) એક ઘરમાં ૧૦૦૦ લિટર પાણીની ટાંકી છે. કુટુંબના સભ્યો નીચે કોષ્ટકમાં બતાવ્યા મુજબ પાણી વાપરે છે. તેના આધારે પ્રશ્નોના જવાબ લખો.

| પાણીનો વપરાશ પ્રતિદિન | |
|---|---|
| સ્નાન કરવામાં | ૨૬૫ લિટર |
| પીવામાં | ૪૮ લિટર |
| કપડાં - વાસણ ધોવામાં | ૪૮૦ લિટર |
| પોતું કરવામાં | ૨૫ લિટર |
| ખોરાક રાંધવામાં | ૨૦ લિટર |

(૧) કુલ કેટલા લિટર પાણીનો વપરાશ થાય છે ?...............................

(૨) કેટલા લિટર પાણી વધે ?...............................................

(૩) બીજા દિવસે આખી ટાંકી ભરવા માટે કેટલા લિટર પાણી જોઈએ ?...............................

(૪) સૌથી વધારે પાણીનો ઉપયોગ ક્યાં થાય છે ?...............................